**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૯૪ ટકા

# આજે દેવપોઢી એકાદશી સાથે ચાતુર્માસનો પ્રારંભ

## ચાતુર્માસમાં અધિક મહિનો આવી રહ્યો હોવાથી પાંચ મહિનાનો ચાતુર્માસનો સમયગાળો રહેશે

ગાંધીનગર, તા.૨૮

દેવશયની એકાદશીથી ચતુર્માસની શરૂઆત થાય છે. દેવશયની એકાદશી, જેને દેવપોઢી એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૨૯ જૂનના રોજ છે. દર વર્ષે અષાઢ મહિનાના શુક્લ પક્ષની એકાદશીને દેવપોઢી એકાદશી કહેવાય છે. આ એકાદશી પર વિષ્ણુ પુરાણ અનુસાર ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં ચાર મહિના માટે યોગ નિંદ્રામાં જતા રહે છે.

જે બાદ તેઓ કારતક મહિનામાં આવતી એકાદશી પર નિંદ્રામાં જાગે છે.

શ્રાવણ, ભાદરવો, આસો અને કારતક એમ ચાર મહિનાના સમયને ચાતુર્માસ અથવા ચૌમાસ કહેવાય છે. પરંતુ આ વખતે ચાતુર્માસનો સમય અધિક મહિનો આવી રહ્યો હોવાથી પાંચ મહિનાનો હશે. તેથી, પાંચ મહિના સુધી કોઈ પણ શુભ અને માંગલિક કામ કરી શકાશે નહીં.

જો પ્રકૃતિ સાથે ચાતુર્માસને સાંકળવામાં આવે તો આ સમયમાં વર્ષાઋતુ આવતી હોવાથી નિસર્ગના ખોળે ધરતી રજસ્વલા થતા કુદરત સોળે કળાએ ખીલી ઉઠે છે.

આ ચાર મહિના દરમિયાન મનોરમ્ય માહોલ અને પ્રફુલ્લિત ચિત્ત સાથે શાંત વાતાવરણમાં ઈશ્વરની આરાધાના કરવાનું ખાસ કહેવામાં આવ્યું છે. કોઈ માંગલિક કાર્યો ન કરવાના હોવાથી કોઈપણ વ્યક્તિ બાહ્ય જવાબદારીઓથી મુક્ત થઈને ઈશ્વરમાં એકચિત્ત થઈ શકે છે.

આ સમયમાં માણસની ચયાપચયની ક્રિયા એટલે કે પાચન ક્રિયા પણ નબળી પડી જતી હોવાથી આ સમયમાં ઉપાવસનો મહિમા દર્શાવવામાં આવ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે આ સમયમાં આવતી તમામ અગિયારસે નિર્જળા ઉપવાસ કરવામાં આવે છે. પરંતુ કદાચ જો અગિયારસે નિર્જળા ઉપવાસ ન થઈ શકે તો કમસે કમ ત્રણ અગિયારસ દેવપોઢી અગિયારસ, જળજીલણી અગિયારસ અને દેવઉઠી અગિયારસના દિવસે નિર્જળા ઉપવાસ કરવા જ જોઈએ તેમ સંતો કહે છે. આ અગિયારસના દિવસે ઉપવાસ કરવાનું એ મહત્વ છે કે આ પ્રકારના ઉપવાસ કરવાથી જીવનમાં ભરપુર ખુશીઓ આવે છે.

### ચાતુર્માસમાં શું કરવું જોઈએ?

● ચાતુર્માસમાં જપ-તપ અને ભક્તિ ભાવમાં રહેવું જોઈએ અને રોજ સત્યનારાયણની વ્રત કથા સાંભળવી જોઈએ.
● આ સમયે સૂર્યોદય પહેલા ઉઠવું જોઈએ અને ભગવાન વિષ્ણુ તેમજ માતા લક્ષ્મીની પૂજા-અર્ચના કરવી જોઈએ. વિષ્ણુ સહસ્ત્રનામ અને શિવ ચાલીસાનો પાઠ કરવો જોઈએ
● ચાતુર્માસમાં સાત્વિક ભોજન કરવું જોઈએ અને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. સાથે જ પાંચ પ્રકારના દાન-અન્ન દાન, દીપદાન, વસ્ત્રદાન, છાયા દાન અને શ્રમદાનનું વિશેષ મહત્વ હોય છે.
● ચાતુર્માસમાં અન્ન અને વસ્ત્રનું દાન કરવું જોઈએ અને મંદિરમાં જઈને સેવા દાન કરવું જોઈએ.
● ચાતુર્માસમાં જમીન પર ઊંઘવું જોઈએ અને મોટાભાગના સમયે મૌન ધારણ કરવું જોઈએ.
● ચાતુર્માસમાં બ્રજધામની યાત્રા કરવાને શુભ માનવામાં આવે છે. કારણ કે, ચાતુર્માસમાં તમામ તીર્થ બ્રજધામ જાય છે.

### ચાતુર્માસના નિયમો:

● ચાતુર્માસ દરમિયાન કોઈ પણ શુભ કાર્ય ન કરવું. ચાતુર્માસમાં લગ્ન, ગૃહ પ્રવેશ, નામકરણ, ઉપનયન સંસ્કાર, નવો ધંધો શરૂ કરવા જેવા શુભ કાર્યો ન કરવા જોઈએ. પિતૃ પક્ષ ચાતુર્માસમાં આવે છે અને આ સમય દરમિયાન શ્રાદ્ધ અને ભગવાનની ભક્તિ કરવી શુભ છે.
● ચાતુર્માસ દરમિયાન તામસિક ભોજન ન ખાવું જોઈએ. આ ૪-૫ મહિનામાં લસણ-ડુંગળી, નોન-વેજ, આલ્કોહોલનું સેવન ટાળવું જોઈએ.
● ચાતુર્માસમાં નવું કામ કે નવો ધંધો શરૂ કરવાનું ટાળો. આ સમયે શરૂ કરેલા કાર્યો શુભ ફળ આપતા નથી.
● ચાતુર્માસ દરમિયાન કટુ વચન ન બોલવા જોઈએ. એવું કોઈ કામ ન કરવું જેનાથી કોઈને દુઃખ ન થાય.
● ચાતુર્માસમાં ભગવાન સૂર્યની પૂજા કરવી જોઈએ અને સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.



### ચાતુર્માસનું મહત્વ:

ચાતુર્માસના સ્વામી ભગવાન વિષ્ણુ છે. આ સમયગાળામાં ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની પૂજા-અર્ચના કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે અને માતા લક્ષ્મીની કૃપાથી જીવનમાં સુખ-શાંતિ તેમજ સમૃદ્ધિ આવે છે. ધ્યાન અને સાધના કરનારા લોકો માટે ચાતુર્માસનું વિશેષ મહત્વ હોય છે. ચાતુર્માસમાં ભગવાન વિષ્ણુ યોગ નિંદ્રામાં હોય છે તેથી આ સમયમાં કોઈ પણ શુભ કે માંગલિક કાર્ય કરી શકાતું નથી. ચાતુર્માસમાં સહસ્ત્રનામ અને શિવ ચાલીસાનો પાઠ કરવાથી જીવનના તમામ કષ્ટ દૂર થાય છે તેમજ ધન-ધાન્યની કમી થતી નથી.




ગુજરાત મેરીટાઈમ બોર્ડ કર્મચારી સંઘ ગાંધીનગર તરફથી અત્રેની વળી કચેરીના જૂન'૨૩માં નિવૃત થતા અધિકારીઓ તથા કર્મચારીઓને યાદગીરી રૂપ એક ગિફ્ટ સાથે શુભેચ્છા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

## બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા વિદ્યાર્થીઓ માટે નશાબંધી વિષય પર ક્વિઝ અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલયની બીબીએ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા કેમ્પસ ખાતે કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો માટે નશાથી સમાજને તેમજ યુવાનોને વ્યક્તિગત રીતે થતા પારાવાર નુકશાન બાબતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યકર્મ ડો.રમાકાંત પૃષ્ટિ માર્ગદશન હેઠળ બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજના આચાર્ય તેમજ કોલેજ પરિવાર દ્વારા આયોજિત થયો હતો. અત્રે નશાબંધી અને આબકારી વિભાગની વિવિધ પ્રવૃતિઓથી લોક જાગૃતિ ફેલાવવા કાર્ય કરવું જોઈએ એમ જણાવ્યુ હતું. એનએસએસ વોલ્યિંટર્સને વ્યસનમુક્તિ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ નશાથી સર્જાતી સામાજિક તેમજ પારિવારિક સમસ્યાઓ બાબતે જાગૃત કરવા કાર્યક્રમ કરવા પડે તેને સમાજ માટે પડકારરૂપ પરિસ્થિતિ ગણાવી હતી. તેમજ વિદ્યાર્થીઓને કારકિર્દીના ઘડતર તેમજ રાષ્ટ્ર નિર્માણમાં નશાને બાધારૂપ ગણાવ્યું હતું. વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે સામાજિક જાગૃતિ ફેલાવવાના મુદ્દાઓ બાબતને લોકો સુધી પન્હોચાડવા અપીલ કરવામાં



આવી હતી. અને યુવાનોને નશાની લતથી દુર રહેવા જણાવ્યું હતું. અત્રે તજજ્ઞોએ વિડીયો તેમજ પાવર પોઈન્ટ પ્રેજન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને અનેક મુદ્દાઓની ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી. સમગ્ર દેશમાં પંજાબ સહીતના અનેક રાજયોમાં પરિસ્થિતિ નશાને કારણે બગડી છે. ત્યારે ગુજરાતના યુવાનોને નશા જેવાકે દારૂ, ગુટખા, તમાકુ, ડ્રગ્સથી દુર રહેવા અપીલ કરવામાં આવી હતી. નશાથી વ્યક્તિ માનસિક, શારીરિક તેમજ આર્થિક રીતે ખલાસ થઈ જાયછે. અને સમગ્ર પરિવારનું ભવિષ્ય અંધકારમય બની જાય છે.માટે નશાથી દુર રહેવું તે સાંપ્રત સમયમાં સમાજની પહેલી પ્રાથમિકતા છે. જેના માટે આપણે સૌએ આગળ આવી નશાનો ઉગ્ર વિરોધ કરવો પડશે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને નશાબંધી માટે જનજાગૃતિ ફેલાવવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. વકતૃત્વ સ્પર્ધામાં ચૌહાણ ચંદ્રપાલ, માલાણી અર્પિત, ભીમાણી નેવીલ, પટેલ ખુશી, લિંબાણી નેન્સી, પાનસુરિયા નિરાલી, સોની અમીષા, બરાસરા કૃપા, પટેલ ધ્રુવી, ત્રિવેદી વિશ્વા, પ્રજાપતિ શ્રેયા, પટેલ ખુશીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજ તરફ થી આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદશન હેઠળ ઉપાચાર્ય તેમજ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્રસિંહ રાઠોડ અને સમગ્ર કોલેજ પરિવારના સહયોગ દ્વારા કાર્યક્રમ આયોજિત થયો

## વિશ્વકર્મા વંશજનું મહિલા ગૌરવ

ગાંધીનગર, તા.૨૮

"લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ" ડૉ.સ્મિતા સુથાર કે જેઓ જ્યોતિષ શાસ્ત્ર,વાસ્તુ શાસ્ત્ર, જેવા ગુઢ વિષયોમાં ઘણા વર્ષોથી કાર્યરત છે, આ વિષયોનું શિક્ષણ પણ આપી રહ્યાં છે. ઘણી બધી સંસ્થામાં, પાઠશાળામાં, તેમજ પર્સનલ શિક્ષણ પણ આપે છે, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓને આ બધા વિષયો ભણાવી રહ્યા છે. વિશ્વકર્મા વંશજની આ દીકરી વાસ્તુશાસ્ત્રનું પણ ખૂબ સારૂ જ્ઞાન ધરાવે છે.




ઈષ્ટદેવ ભગવાન વિશ્વકર્મા તેમજ આરાધ્ય દેવ દેવાધી દેવ મહાદેવની અસીમ કૃપાથી 'મિરલ ફાઉન્ડેશન" દ્વારા પહેલી મહિલાને " લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ" થી સન્માનીત કરવામાં આવ્યા તે આપણા જ્યોતિષ જગત માટે તેમજ વિશ્વકર્મા વંશજ માટે ખૂબ ગૌરવની બાબત છે. કૈલાસ માનસરોવર યાત્રા હોય, જ્યોતિષ શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર, માં અવ્વલ નંબરે રહેનાર સ્મિતા સુથાર ખરેખર અભિનંદન ને પાત્ર છે.

## બીએપીએસ સંસ્થાના વાવોલ મંડળ દ્વારા મહિલા પારાયણની ઉજવણી



ગાંધીનગર, તા.૨૮

બીએપીએસ સંસ્થાના ગાંધીનગર ક્ષેત્ર-૧ વાવોલ મહિલા મંડળ દ્વારા ઉજવાયેલ મહિલા પારાયણમાં આ વર્ષે અનેરો આનંદ-ઉત્સાહ સાથે ભકિતભાવ છલકાતો જોવા મળ્યો હતો.રથયાત્રાના શુભ દિને પોથીયાત્રાનું સુંદર આયોજન કર્યું હતું.પોથીયાત્રા નિમિત્તે પ્રથમ દિવસના મુખ્ય યજમાન તરપોજવાસમાં રહેતા ફાલ્ગુનીબેન પટેલના ઘેરથી નીકળી હતી.ડીજેના તાલે અને પ્રમુખ સ્વામી-મહંત સ્વામીના કીર્તનના નાદ સાથે પોથીયાત્રા ગ્રીનસીટી સોસાયટીમાં વાવોલના માર્ગે પરિભ્રમણ કરી સંસ્કારધામ ખાતે પહોંચી હતી. ઘણા હરિભકતોના ઘેર-ઘેર પોથીની પધરામણી થઈ હતી.વાવોલ મહિલા મંડળના આમંત્રણને માન આપી અન્ય મંડળના કાર્યકરોએ ઉપસ્થિત રહી પોથીયાત્રાનો લાભ લીધો હતો. ત્રિદિવસીય પારાયણના પ્રારંભમાં ધૂન-પ્રાર્થના-સ્તુતિ સભાના અંતે થાળ-આરતી કરાયા હતા. પ્રસંગને અનુરૂપ કીર્તન તથા સ્વભાવ,આજ્ઞા, ઉપાસના અને સમર્પણ જેવા વિષયો ઉપર કથા નિરૂપણ થયું હતું. તૃતીય દિવસે નીલકંઠવર્ણીનો અભિષેક વિધિનો કાર્યક્રમ રાખ્યો હતો.પારાયણ પૂર્ણાવતીના અંતિમ ચરણમાં થાળ-આરતી થયા હતા અને અંતે પોથી વિસર્જન કરાયુ હતું.



ગાંધીનગર ના જાણીતા બૌદ્ધ ધર્મ ના ઉપાસક ભીખાભાઈ અમીન શ્રીલંકામાં બૌદ્ધ ધર્મ ના પ્રવાસે જઈ આવ્યા તેમનો તે અંગેનો ધાર્મિક સંવાદ બાપુનગર પંચશીલ બુદ્ધવિહાર અમદાવાદ ખાતે યોજાયો હતો.

## ભાજપ યુવા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા બાઈક રેલી

ગાંધીનગર, તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ભારતીય જનતા યુવા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી તેમજ યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંતભાઈ કોરાટની વિશેષ ઉપસ્થિતમાં ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ "સંગઠન એ જ શક્તિ"ના સૂત્રને સાર્થક કરતી આ રેલીમાં સહભાગી બની યુવાઓનો જુસ્સો વધાર્યો હતો.

આ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન



પટેલ, શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, કાઉન્સિલર, શહેર મહામંત્રી તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છ મિત્ર મંડળ દ્વારા નૂતન વર્ષનો સ્નેહમિલન કાર્યક્રમ



ગાંધીનગર, તા.૨૮

તા.૨૬/૦૬/૨૦૨૩ના દિને કચ્છ મિત્ર મંડળ,ગાંધીનગર દ્વારા બ્રહ્માણી હોલ સેકટર ૨૩ ખાતે કચ્છી નૂતન વર્ષ સ્નેહ મિલન નો એક સુંદર કાર્યક્રમ યોજવામાં આવેલો જેમાં જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, ડિસ્ટ્રિક્ટ કોર્ટ ગાંધીનગર ના ઉપક્રમે પેરા લીગલ વોલન્ટરીયર સુધીર દેસાઈ ને કાનુની શિબિર માટે આમંત્રિત કર્યા હતા તેઓએ ઉપલબ્ધ મફત કાનુની સલાહ ,સહાય અને લીગલ સર્વિસીસ ઓથોરિટી એકટ વિષે સરળ ભાષામાં સમજ આપેલ હતી.આ કાર્યક્રમમાં સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી અને વિવિધ કલાકારો એ ગીતો ગાયાં હતાં કાર્યક્રમ ની સફળતામાં પ્રમુખ શ્રી એમકે રંગાણી સંગઠન મંત્રી વર્ષાબેન મહેતાને અન્ય કારોબારી સભ્યો નો ઉમદા ફાળો રહ્યો હતો

### અમી ધારા ક્રેડિટ સોસાયટીની સાધારણ સભા રવિવારે યોજાશે

ગાંધીનગર, તા.૨૮

અમી ધારા ક્રેડિટ સોસાયટીની ચોથી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨ જુલાઈ રવિવારે બપોરે ૩ વાગ્યે ગુજરાત નગર પાલિકા પરિષદ સભા ગૃહ સેકટર ૧૧ કોર્ટની પાછળ ગાંધીનગર ખાતે સોસાયટીની કામગીરી અને કાર્યવાહી માટે મળશે.

## જન્મદિને વધામણી



મહર્ષિ રાવલ
મોટીવેશનલ ટ્રેનર
મો. ૯૯૭૯૮ ૯૮૭૪૨



હિતેષ વિનોદ જોષી
મો. ૮૦૦૦૭ ૭૨૫૦૨



હેતાર્થ કેયુર શાહ
મો. ૯૮૨૪૬ ૧૦૬૫૦



હરીશ રાણા

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ચાંદેસા ચમનભાઈ મગનભાઈ ઉ.વ.૬૦, પીપળજ
- સ્વ.સોનવા બેચરભાઈ ગલાભાઈ ઉ.વ.૬૭, ચંદ્રાલા
- સ્વ.વણઝારા છનાજી દિનાજી ઉ.વ.૭૫, સે-૩૦ છાપરાં

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક